બારડોલી તાલુકામાં

જમીન મહેસૂલની નવી આંકણી

No. /// Received on

Huzur Deputy Collector.
Surat.

પ્રકાશક:
સ્વરાજ્ય આશ્રમ–બારડોલી

બારડોલી તાલુકામાં

જમીન મહેસૂલની નવી આંકણી

બારડોલી તાલુકામાં જમીન મહેસૂલની છેલ્લી આંકણી ૧૮૯૬–૯૭ માં થઇ હતી. મુંબઇ ઇલાકામાં દર ત્રીસ વર્ષે મહેસૂલની ફરી આંકણી થાય છે. આ ત્રીસ વર્ષ ૧૯૨૬–૨૭માં પૂરાં થતાં હોવાથી ખેડુતોની સ્થિતિની તપાસ કરી, ચાલુ મહેસૂલના દર બરાબર છે કે તેમાં વધારોઘટાડો કરવા જેવું છે તે સૂચવવા સરકાર તરફથી ખાસ નીમાયલા આ. સેટલમેન્ટ ઑફિસર મિ. જયકરે પોતાનું નિવેદન બહાર પાડયું છે. ગયું આખું વર્ષ તેમણે તાલુકામાં તપાસ કરી અને પ્રજાની આબાદી વધી છે એવું બતાવી તાલુકાનાં તમામ ગામના મહેસૂલના દરમાં તેમણે ૨૫ ટકાનો એટલે રૂપિયે ચાર આના વધારો થવો જોઇએ એવું સૂચવ્યું છે. કેટલાંક ગામોને ઉપલા ગ્રુપમાં ચઢાવવામાં આવ્યાં છે એટલે તે ગામોમાં આજના મહેસૂલ કરતાં આઠ અને દશ આના વધારો સૂચવાયો છે. ગ્રુપના ફેરફાર નીચે જણાવેલાં ગામોની બાબતમાં થયો છે.

પહેલું ગ્રુપ : કુવાડિયા, ખડ તથા છિત્રાને પહેલા ગ્રુપમાંથી બીજા ગ્રુપમાં ઉતારવામાં આવ્યાં છે. અકોટી, આફવા, ખોજ, કંટાળી, ગોવાસા, પલસોદ, પારડી (કડોદ), બામણી, ભરમપૂર, રૂવા, વાંકાનેર, સમથાણ અને સરૈઠી એ ગામો આજ સુધી બીજા ગ્રુપમાં હતાં, હવે તેમને પહેલા ગ્રુપમાં ચઢાવવામાં આવ્યાં છે.

પહેલા ગ્રુપમાં જરાયત જમીનનો મહેસૂલનો દર એકરે સરેરાશ રૂ. ૬) છે અને બીજા ગ્રુપમાં એકરે રૂ. ૫) તથા ક્યારીનો એકરે રૂ. ૫)+ રૂ. ૫-૮-૦ છે. જે ત્રણ ગામ પહેલા ગ્રુપમાંથી બીજા ગ્રુપમાં મૂકવામાં આવ્યાં તેનો મહેસૂલનો દર રૂ. ૬) ને બદલે રૂ. ૫) ગણાયો અને તે ઉપર ૨૫ ટકા વધારો થયો એટલે રૂ. ૫ ના રૂ. ૬-૪-૦ થયા. આમ તેઓ રૂ. ૬) ભરતા તેને બદલે રૂ. ૬-૪-૦ સૂચવાયા છે. એટલે આપણી ગામડાની ભાષામાં કહીએ તો એ ત્રણ ગામમાં રૂપિયે આઠ પાઈ વધારો સૂચવાયો છે.

બીજા ગ્રુપમાંથી જે ગામો પહેલા ગ્રુપમાં ચઢયાં તેમનો મહેસૂલનો દર રૂ. ૫) ને બદલે રૂ. ૬) ગણાશે અને તેના ઉપર ૨૫ ટકા વધારો એટલે રૂ. ૭-૮-૦ સૂચવાયા. એટલે આજે તેઓ રૂ. ૫) ભરતા તેને બદલે તેમના રૂ. ૭-૮-૦ ગણાયા. એટલે આ ગામોમાં સરવાળે વધારો રૂપિયે આઠ આની થયો.

ગ્રુપ બીજું : ખડ, છિત્રા અને કુવાડિયા પહેલા ગ્રુપમાંથી આ ગ્રુપમાં આવ્યાં.

મઢી, સુરાલી, માણેકપુર, કમાલછોડ (બાજીપરા) ત્રીજા ગ્રુપમાંથી બીજા ગ્રુપમાં ચઢાવવામાં આવ્યાં.

બીજા ગ્રુપમાં મહેસૂલનો દર એકરદીઠ સરેરાશ જરાયતના રૂ. ૪) અને ક્યારીના રૂ. ૪+૫ છે. ગ્રુપ ચઢવાથી તેમના રૂ. ૪) ના રૂ. ૫) થયા અને તે ઉપર ૨૫ ટકા વધારો એટલે રૂ. ૬-૪-૦ થયા. આમ આજે ભરવા પડતા રૂ. ૪)ના રૂ. ૬-૪-૦ થયા એટલે આ ગામોમાં રૂપિયે નવ આનીનો વધારો સૂચવાયો છે.

ગ્રુપ ત્રીજું: ત્રીજામાંથી જે ગામો બીજા ગ્રુપમાં ચઢાવ્યાં તે આ ગ્રુપમાંથી બાદ થયાં.

બુહારી, દાદરિયા, ગોડધા ગોલણુ અને હથુકા એ ગામોને ચોથા ગ્રુપમાંથી ત્રીજા ગ્રુપમાં ચઢાવવામાં આવ્યાં છે.

ચોથા ગ્રુપમાં મહેસૂલના દર એકરદીઠ જરાયતના રૂા. ૩) અને ક્યારીના રૂ. ૩)+રૂ. ૪--૮--૦ છે. ગ્રુપ ચઢવાથી તેમના રૂા. ૩) ના રૂ. ૪) થયા અને તે ઉપર ૨૫ ટકા વધારો એટલે રૂ. ૫) થયા. આમ આજે ભરવા પડતા રૂ. ૩)ના રૂ. ૫) થયા એટલે આ ગામોમાં રૂપિએ ૦-૧૦--૮ નો વધારો સૂચવાયો છે.

ગ્રુપ ચોથું: ચોથામાંથી જે ગામોને ત્રીજા ગ્રુપમાં ચઢાવવામાં આવ્યાં તે બાદ. આ પ્રમાણે આખા તાલુકામાં ચાર આની અને કેટલાંક ગામોમાં તો આઠ, નવ અને દસ આની વધારાની વાત સાંભળી આખી પ્રજા ખળભળી ઉઠે એમાં નવાઇ નથી. પરંતુ ખળભળી ઉઠેલે કશું કામ થઇ શકતું નથી. મહેસૂલના દર વધારવાનું કારણ પ્રજાની આબાદી વધી એ દર્શાવવામાં આવ્યું છે; અને પોતાનું કથન પૂરવાર કરવા આ. સેટલમેન્ટ ઑફિસર સાહેબે ખેડુતોની સ્થિતિ સંબંધી આંકડા પણ રજુ કર્યા છે. આ આંકડા આપણે જાણીએ અને બરાબર તપાસી જોઇએ તો કેટલે દરજ્જે તે આંકડા પ્રજાની સાચી સ્થિતિ દર્શાવનારા છે અને કેટલે દરજ્જે કેવળ ભ્રમ પેદા કરનારા છે તે આપણે બતાવી શકીએ; અને સરકાર તરફથી નાંખવા ધારેલી આફત સામે આપણે કેવાં પગલાં લઇ શકીએ અને લેવાં જોઇએ તેની પણ આપણને ખબર પડે.

પ્રજાની આબાદી દર્શાવવા નીચે પ્રમાણે પૂરાવા દર્શાવવામાં આવ્યા છે:

૧ જમીનની કીમતમાં વધારો:

ક્યારાની કીમત ૧૯૧૦–૧૧		૧૯૧૮–૨૫
ગ્રુપ	એકરની સરેરાશ કીમત	એકરની સરેરાશ કીમત
૧	રૂ. ૨૨૨	રૂ. ૭૯૫
૨	,, ૧૫૪	,, ૩૫૦
૩	,, ૧૩૪	,, ૩૫૦
૪	,, ૮૬	,, ૨૧૦
જરાયતની કીમત		
૧	રૂ. ૧૦૭	,, ૩૬૮
૨	,, ૫૦	,, ૩૫૮
૩	,, ૬૭	,, ૨૦૪
૪	,, ૪૦	,, ૧૦૩

૨ માલના ભાવમાં વધારો:

૧૮૯૫થી ૧૯૦૪ના ભાવની સરેરાશ

જુવાર	ભાત	કપાસ
રૂ. ૧=શી. ૩૩।	રૂ. ૧=૩૫॥	મણ ૧=રૂ. ૩।

૧૯૧૫થી ૧૯૨૪ના ભાવની સરેરાશ

જુવાર	ભાત	કપાસ
રૂ. ૧=શી. ૧૬॥	રૂ. ૧=૨૭॥	મણ ૧=રૂ. ૮)

એકંદર વધારો ૧૪૪ ટકા.

૩ ખેતીનાં તથા બીજાં સાધનોમાં વધારો

	૧૯૦૪-૫	૧૯૨૪-૨૫
ખેતીના ઉપયોગના બળદની સંખ્યા	૧૧૨૩૪	૧૮૧૨૭
પરચુરણ ઉપયોગના બળદની સંખ્યા	૯૦૮	૧૫૦૮
ગાયો	૬૩૭૦	૮૨૮૩
ભેંસો	૭૪૩૯	૧૦૮૫૪
ઘોડાં	૨૪૮	૩૮૨
નાનાં હળ	૫૨૩૫	૭૯૨૪
મોટાં હળ	૧૧	૩૪
સવારી ગાલ્લી	૧૪૩૮	૨૧૧૦
મોટી ગાલ્લી	૪૩૫૨	૬૦૯૫
કૂવા ખેતીના ઉપયોગના	૯૧૭	૧૦૦૧
કૂવા પીવાના ઉપયોગના	૧૫૭૪	૧૭૯૮
તળાવ ખેતીનાં ઉપયોગનાં	૪૬	૫૬

૪. ગણોત ઘણું સારું ઉપજે છે:

જરાયત:

ઝુથ	એકર દીઠ સરેરાશ મહેસૂલ	સરેરાશ ગણોત એકરનું	ગણોતપટાની સંખ્યા.
૧	૪.૪૧	૧૫.૨૪	૨૬૪૨
૨	૩.૫૩	૧૧.૩૭	૧૭૬૬
૩	૨.૮૯	૯.૯૭	૨૨૦૩
૪	૨.૫	૮.૪૨	૧૫૧૫

કયારી :

૧	૧૦.૭૫	૨૯.૧૦	૯૧૦
૨	૮.૫૩	૨૩.૭૮	૮૬૩
૩	૫.૯૪	૧૯.૫૮	૬૨૯
૪	૪.૩૫	૧૫.૧૫	૨૫૧

૫. ટાપ્ટીવેલી રેલ્વે તથા સારા રસ્તાની સગવડને લીધે માલ વેચવા માટે સારૂં બજાર મળી શકે છે. ટાપ્ટીવેલી રેલ્વે છેલ્લી આંકણી પછી આવી અને તે તાલુકાની વચ્ચે થઇને જાય છે. એ રેલ્વે લાઇન ઉપર તાલુકાનાં ચાર સ્ટેશનો છેઃ બારડોલી, ટિમ્બરવા, મઢી અને કેહેર. વળી તાલુકામાં પાકા રસ્તાની સવડ પણ બહુ સારી છે. બારડોલીથી સુપા, મઢીથી વાલોડ, બારડોલીથી વાલોડ, બારડોલીથી કડોદ, મઢીથી કડોદ, કેહેરથી બાજીપરા, મઢીથી માંડવી, બારડોલીથી મોતા, વગેરે રસ્તા પાકા છે અને તાલુકાનાં ઘણાં ગામો એ રસ્તા ઉપર આવે છે. આમાંના મઢીથી માંડવી, બારડોલીથી બારડોલી સ્ટેશન, બારડોલીથી મોતા તથા મઢીથી વાલોડ એ ચાર રસ્તા છેલ્લી આંકણી થયા પછી નવા થયેલા છે. વળી ચોમાસામાં પણ ગાલ્લીનો વ્યવહાર ન ચાલી શકે એવાં બહુ જ થોડાં ગામ તાલુકામાં છે; એટલે લોકોને પોતાનો માલ વેચવાની કશી અડચણ આવતી નથી. હમણાં તાલુકામાં કપાસનું વાવેતર બહુ મોટું છે અને બારડોલી, મઢી, બાજીપરા તથા વાલોડમાં મળી દસ જીન તથા ત્રણ રૂની ગાંસડી બાંધવાનાં પ્રેસ છે. આ ઉપરાંત નવસારી, કસ્બા વગેરે આસપાસના ગામોમાં આવેલાં જીનનો લાભ પણ

ાલુકાનાં કેટલાંક ગામો લઇ શકે છે. હમણાં હમણાં કેટલાક સ્તા ઉપર તો મોટર પણ ચાલે છે અને તેથી લોકોને જવા ાાવવાની બહુ સારી સગવડ છે.

૬. નિયમિત વરસાદ અને ખરાબ વર્ષોનો અભાવ. લ્લાં ત્રીસ વર્ષના ગાળામાં ખરાબ વર્ષ ફક્ત ચારજ આવ્યાં . ૧૮૯૯, ૧૯૦૧. ૧૯૦૪ અને ૧૯૧૮. ૧૯૦૫, ૧૯૧૧, યા ૧૯૧૫માં વરસાદ ઓછો થયેલો પણ પાક નિષ્ફળ ગયો નથી.

૭. **પરચુરણ**:–તાલુકાના દરેક ગામમાં પાકાં મકાન તથા ાટી હવેલીઓ લોકોની આબાદી સૂચવે છે. વળી જમીન મહે-લ ભરવું લોકોને જરાય ભારે પડતું નથી એ એટલા ઉપરથી ાખ્ખું દેખાય છે કે ૧૯૧૫–૧૬થી ૧૯૨૩–૨૪ના આઠ ર્ષના ગાળામાં મહેસૂલ માટે ફક્ત ૧૭૨ નોટિસો કાઢવી પડી અને તેમાંય ચોથાઈ દંડના કેસ તો બારજ થયા છે; અને ાાલસાનો કેસ માત્ર એક બન્યો છે.

આવા આવા પૂરાવાથી તાલુકાની પ્રજાની આબાદી ઘણી ધી છે એવું આ સેટલમેન્ટ ઓફિસરે સિદ્ધ કર્યું છે. ભાગ-ટાઇની પદ્ધતિથી સરકાર જો મહેસૂલ ઉઘરાવતી હોય તો ાલના ભાવના વધારાને લીધે સરકારને કેટલા બધા ટકા વધારે ાભ થાય એમ ગણાવી ૨૫ ટકા વધારો તો પ્રમાણમાં ઘણો ાોછો છે અને એટલોજ વધારો સૂચવવામાં સરકારની રહેમદિલી એવી જાતની દલીલ રજુ કરવામાં આવી છે.

ઉપર જણાવેલા આંકડા, પૂરાવા અને દલીલો કેટલી પોકળ તથા સૂચવવામાં આવેલો વધારો કેટલો અન્યાયી અને ુલમી છે એ હવે આપણે જોઇએ.

સામાન્ય રીતે આવા રિપોર્ટો વિષે એવો અનુભવ છે કે અમલદારો તેમાં પૂરેપૂરી હકીકત નથી રજુ કરતા, પોતાના લાભમાં જાય એવી અડધી સાચી વાત મૂકે છે અને રૈયતના લાભની વાત દબાવે છે. તેઓ એમ માનતા જણાય છે કે રૈયતના લાભની વાત રૈયત જાણે. એટલે તેઓ એકપક્ષી વકીલ જેવા છે. પોતાનો કેસ રજુ કરી સામા પૂરાવાનો બોજો તેઓ પ્રજા ઉપર નાંખે છે. દાખલા તરીકે નિવેદનમાં બતાવવામાં આવ્યું છે કે જમીનની કીમતમાં ઘણો વધારો થયો છે. પરંતુ આ કીમતનો વધારો થવાનાં ઉંડાં કારણો શાં શાં છે એ તપાસવાની તસ્દી સેટલમેન્ટ ઓફિસર સાહેબે નથી લીધી. આ તાલુકામાંથી પૂર્વ તથા દક્ષિણ આફ્રિકા, ઓકલેન્ડ વગેરે પરદેશ જનારા અને ત્યાં જઈ મજુરી કરી પાંચ પૈસા રળી લાવનારાની સંખ્યા ઘણી મોટી છે એ વાતનો આખા રિપોર્ટમાં રજ પણ ઉલ્લેખ નથી. મોટે ભાગે જમીન ખરીદનારા પરદેશ જઈ આવેલા માણસો હોય છે. જેની પાસે કાંઇક જમીન હોય તેની કોમમાં આબરૂ ગણાય છે. પાસે પાંચ પૈસા હોય તેના કરતાં પાસે પાંચ વીઘાં જમીન હોય તો ન્યાતજાતમાં તેનો કરકરિયાવર સારો ચાલે છે. વસ્તી તો દર વરસ વધતીજ જાય પરંતુ જમીન કાંઇ વધતી નથી. એટલે જેને નવી જમીન સંપાડવી હોય તેને મ્હોંમાગ્યા દામ આપવા પડે છે. જમીનની કીમતમાં અસાધારણ વધારો થયેલો દેખાય છે તે જમીનનો કસ બહુ વધી ગયો છે અથવા જમીનમાંથી બહુ ભારે પેદા કરી નાંખવાનું હોય છે તેને લીધે નથી થયેલો. પશ્ચિમના અર્થશાસ્ત્રથી રંગાયલા સરકારી અમલદારો તો જરૂર એવી દલીલ કરે કે જો જમીનમાંથી સારી પેદાશ ન થતી હોય

તો શું કામ આ લોકો જમીનમાં પૈસા નાંખે? પોતાનાં નાણાં વ્યાજે કેમ ન ફેરવે? આમ નહિ કરવામાં લોકો ભૂલ કરતા હશે, તેમની મુર્ખાઇ પણ હશે, પરંતુ મૂર્ખાઇ હોય કે ડહાપણ હોય તો પણ આપણે તો વસ્તુસ્થિતિ શી છે તેજ જોવું જોઇએ. શહેરમાં ગમે તેટલું વ્યાજ મળી શકતું હોય પરંતુ ખેડુત તો પોતાનાં નાણાં જમીનમાં જ રોકવાનું પસંદ કરવાનો. 'વતન' શબ્દની પાછળ એક એવી ભાવના રહેલી છે, જે ભાવના ખેડુતને પોતાના વતનમાં જમીન સંપાડવા વાજબી કરતાં ઘણી વધારે કીંમત આપવા પ્રેરે છે. આ વસ્તુ રિપોર્ટમાં બીલકુલ ધ્યાનમાં લેવાઈ નથી. ગામે ગામનાં વેચાણની તપાસ કરવામાં આવે તો મોટા ભાગનાં વેચાણ પરદેશ જઈ આવેલાઓએ કરેલાં જણાશે. દરેક ગામ ધારે તો પોતાના ગામની આ હકીકત એકઠી કરી શકે.

ગણોતની રકમ વધારે દેખાય તેનો ખુલાસો પણ આ પરિસ્થિતિમાંથી મળી આવે છે. ખેડુતને નાણાંની કંઇક ભીડ હોય ત્યારે ભારે કીંમતની લાલચે પોતાની જમીન વેચી દે છે. પછી તેને કાંઇક ધંધો તો કરવો જ જોઇએ, આબરુદાર લોકો કોઇને ત્યાં મજુરીએ જાય નહિ એટલે ગણોતે જમીન રાખીને તે ઉપર કામ કરે છે. આમ માંગ વધારે થવાથી ગણોતની રકમ સારી ઉપજે છે.

વળી જમીનની કીમતમાં તથા માલના ભાવની કીમતમાં રીપોર્ટમાં જે અસાધારણ વધારો દેખાડવામાં આવ્યો છે તેમાં એક વસ્તુ ખાસ ગણત્રીમાં લેવાવી જોઇતી હતી તે રિપોર્ટમાં લેવાઇ નથી. સહુ કોઇ જાણે છે કે ૧૯૧૪માં લડાઇ થઇ અને

તમામ વસ્તુઓના ભાવમાં અસાધારણ ઉછાળો થયો. લડાઇને લીધે ઉભી થયેલી કીમત તથા ભાવના વધારાની સ્થિતિ અપવાદરૂપ ગણાય. એટલે આવા અપવાદરૂપ દસ વરસની સ્થિતિ ઉપરથી આગળનાં ત્રીસ વરસનો મહેસૂલનો વધારાનો દર ઠોકી બેસાડવો એમાં અન્યાય રહેલો છે. કપાસના ભાવ છેલ્લાં દસ વરસમાં વધારે આવ્યા તેવા કાંઇ કાયમ રહેવાના નથી. વળી કપાસના ભાવનો આધાર તો આખી દુનિયાના બજાર ઉપર હોય છે. એનું કાંઇ ઠેકાણું નહિ. એટલે એની ગણત્રી ઉપર ત્રીસ વરસનું મહેસૂલ વધારવાનું ઠરાવી શકાય જ નહિ. ગયે વરસે કપાસનો ભાવ રૂ. ૨૨૫ થી રૂ. ૨૫૦) હતો અને આ વરસે રૂ. ૧૭૫) થઇ ગયો છે. એજ સૂચવે છે કે આવી ગણત્રી ખેડુતના હિતમાં અત્યંત નુકસાન કરનારી છે. ન્યાય તો એ છે કે ૧૯૧૫થી ૧૯૨૪ના અપવાદરૂપ વર્ષોના ભાવ ઉપર આધાર રાખવો જ જોઇએ નહિ. ૧૮૯૫થી ૧૯૦૪ના ભાવની સરેરાશ સાથે ૧૯૧૫થી ૧૯૨૪ના ભાવની સરેરાશ સરખાવી છે, પરંતુ ૧૯૦૪ થી ૧૯૧૪ના ભાવ રિપોર્ટમાં દર્શાવેલા જણાતા જ નથી એ વસ્તુ પણ ધ્યાન ખેંચે એવી છે. ભાવના અસાધારણ વધારામાંથી ભાવમાં અસાધારણ ઘટાડો થાય તો ત્રીસ વરસમાં સરકાર કાંઇ મહેસૂલ ઘટાડે નહિ. એ તો ચોંટયું તે ચોંટયું.

તાલુકામાં મોટી સંખ્યામાં પાકાં મકાનોનો દેખાવ રિપોર્ટમાં ખેડુતોની આબાદી સૂચવનારો ગણાયો છે. પરંતુ આ પાકાં મકાનોમાંથી કેટલાં ખેતીની આબાદીમાંથી બંધાયાં અને કેટલાં

પરદેશના પસાથી બંધાયાં ? દરેક ગામ આવી ગણત્રી કાઢીને રજુ કરશે તો પાકાં મકાનો અને હવેલીઓની ૫૦ ટકા ઉપર સંખ્યા પરદેશથી આવેલા પૈસામાંથી બંધાયલી નીકળશે. અમલદાર ઉપરઉપરથી જુએ તો તેના મોઢામાં તો પાણી છુટે. પરંતુ તાલુકામાં પાકાં મકાન દેખાય છે તેમ કાળીપરજની ઝુંપડીઓ પણ દેખાય છે. તાલુકાની વસ્તીનો અર્ધ કરતાં વધારે ભાગ તો ઝુંપડામાંજ વસે છે, તેમના શરીર ઉપર પૂરતાં વસ્ત્ર નથી હોતાં; નથી તેમને ટાઢમાં પૂરૂં ઓઢવાનું મળતું અને નથી તેમને પૂરતો પૈષ્ટિક ખોરાક મળતો.

રિપોર્ટમાં જમીનની કીમતમાં તથા માલના ભાવમાં વધારો થયેલો દર્શાવવામાં આવ્યો છે પણ તે સાથે ખેતીનાં ખર્ચ પણ વધી ગયાં છે એ બાબત ગણત્રીમાં નથી લેવાઇ. ખેતીનો ખર્ચ કેટલો વધ્યો છે ? જે બળદની જોડ પચીસ કે ત્રીસ વરસ ઉપર સો રૂપિયે મળતી તેવી જોડના હાલ ચારસોથી પાંચસો રૂપિયા બેસે છે. એજ પ્રમાણે હળ, ગાડાંની કીંમતમાં પણ બેહદ વધારો થયો છે. વીસ વરસ ઉપર મજુરીના જે દર હતા તેના કરતાં ચાર ગણા વધી ગયા છે એ તો રિપોર્ટમાં પણ કબૂલવામાં આવ્યું છે. જે દુબળો ત્રીસ વરસ ઉપર પચીસ કે તેથી પણ ઓછા રૂપિયે રખાતો તે આજે ત્રણસોથી ચારસો રૂપિયે પણ નથી મળતો. ખાતરનાં ગાડાંની કીમત કેટલી વધી ગઈ છે ? રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે ઢોરની સંખ્યા વધી છે તેથી ખાતરનો જથો પણ વધે અને છતાં ખાતર તો મોંઘુંજ થયું છે. એ બતાવે છે કે જમીનનો કસ ઘટયો છે અને અત્યારે આપવામાં આવતું ખાતર પૂરતું નથી. આમ

દરેક ગામે પોતાની જમીનનો પ્રતવાર ખેતીનો ખર્ચ કેટલા ટકા વધ્યો તે કાઢવો જોઇએ. આવો ખર્ચ કાઢવામાં આવે તો જણાશે કે ખેડુતને માલના ઉત્પન્નમાંથી તમામ ખર્ચ કાઢતાં ભાગ્યેજ મહેસુલ ભરવા જેટલું ફાજલ પડે છે. એ તો આ દેશમાં બીજો ઉદ્યોગ એટલા મોટા પ્રમાણમાં મળે નહિ એટલે ખેડુતો બીજું શું કરે ? કચરાયા ચંપાયા જમીન ઉપર મજુરી કર્યાં જ કરે, અને પોતાના વતનની ખેતી છોડીને આટલી મોટી સંખ્યા પરદેશ મજુરી કરવા જાય છે એ શું સૂચવે છે ?

તાલુકામાં આબાદી દેખાય છે એ કાંઇક અંશે સાચી હોય તો પણ તેથી મહેસુલના દર વધારવાનું કારણ નથી મળતું. કારણ એ આબાદી તો પરદેશથી આવતાં નાણાંને ઘણે અંશે આભારી છે. વળી પરદેશથી આવતાં નાણાંની અસર ખેતી ઉપર પણ થાય છે. કોઇ માણસ પાંચ પૈસા કમાઇ લાવ્યો હોય અને તે પોતાની ખેતી સુધારે તો તેથી જમીનના મહેસુલમાં વધારો કરવો એ યોગ્ય નથીજ.

લોકો પાસે ખેતીનાં સાધનો વધે, બળદ વધે, હળ વધે, કૂવાની સંખ્યા વધે એ જોઇને જમીન મહેસુલમાં વધારો કરવાની દાનત તો આ સરકારજ રાખે. લોકો ખેતીનાં સાધનો વધારે અથવા બીજી રીતે પોતાની ખેતી સુધારે તો તેનો લાભ ખેડુતોનેજ મળવો જોઇએ. એનો લાભ પણ સરકાર લઇ જવાનું તાકે તો પછી ખેતીમાં સુધારો કરવાનું મન કોને થાય ? સરકાર શું એમ ઇચ્છે છે કે લોકો બિચારા કચડાઇ પીલાઇને મહા-વૈતરુંજ કર્યાં કરે, હળની સંખ્યા વધી, ગાડીની સંખ્યા

વધી અને ગાય ભેંસ કે બળદની સંખ્યા વધી તે એની આંખમાં આવે છે ?

રેલ્વે આવી અને સારા રસ્તાઓની લોકોને સવડ છે એ મહેસૂલ વધારવાનું એક બહુ મહત્ત્વનું કારણ દર્શાવાયું છે. રેલ્વેથી બજારમાં માલ વેચવાનો લાભ લોકોને કંઈક અંશે મળ્યો છે તેની કોઈ ના પાડતું નથી. પરંતુ આ રેલ્વેએ અને પાશ્ચાત્ય સુધારાની કેટલીક બદીઓએ લોકોની રહેણીકરણી કેટલી ખર્ચાળ કરી મૂકી છે ? ઉપર ઉપરથી તાલુકાની આબાદી દેખાય છે પરંતુ અમારા અનુભવ પ્રમાણે તો લોકોની સ્થિતિ પહેલાં કરતાં વધારે દેવાદાર બનતી જાય છે. નાતજાતમાં અને ગામમાં પોતાનો મોભો જાળવવા દેવું કરીને પણ અમુક પદ્ધતિથી રહેવાની કેટલાકને ફરજ પડે છે. દરેક ગામ પોતાના કુલ લેણ-દેણનું સરવાયું કાઢે તો કદાચ દેવાવાળી બાજુ વધી જાય.

અને શી આ સરકારની નિષ્ઠુરતા છે ? સેટલમેન્ટ ઓફિસર સાહેબને મહેસૂલનો વધારો કરવાની બાબતમાં કોમવાર કશો ભેદ કરવાની જરૂર ન જણાઈ. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે કાળીપરજ કોમમાં છેલ્લાં પાંચ વરસમાં દારૂનિષેધની પ્રવૃત્તિ થઈ છે અને કેળવણીનો પ્રચાર થયો છે. એટલે તે લોકો પણ ઉજળાં કપડાં પહેરતા થયા છે, સ્વચ્છ રહે છે અને તેમનામાં તથા ઉજળિયાતમાં હવે બહુ ભેદ જણાતો નથી; માટે તેમનું મહેસૂલ વધારવામાં પણ કાંઈ વાંધો નથી. મહાત્માજીના ઉપદેશને પરિણામે એ લોકો બિચારા કંઈક માણસોમાં આવવા લાગ્યા ત્યારે તેમના ઉપર પણ ૨૫

ટકા વધારાનો ચાંલ્લો! આબાદીના ઉપર જે પૂરાવા દર્શાવ્યા છે તે તો કાળીપરજનાં ગામોને લાગુ પણ નથી પડતા.

આ બધી ચર્ચા તો જમીન મહેસૂલના દરમાં વધારો કરવો વાસ્તવિક નથી એની થઇ. ખરી હકીકત તો એ છે કે આજે જમીન મહેસૂલના જે દર છે તેજ ઘણા વધારે પડતા અને બોજારુપ તથા જુલ્મી છે. જમીન મહેસૂલના દર હિંદુસ્તાન જેટલા બીજા કોઇ દેશમાં ભારે નથી; અને તે કાંઇ ઘટાડી ન શકાય એમ પણ નથી. હિંદુસ્તાનના જેવું ખર્ચાળ રાજ્યતંત્ર દુનિયામાં બીજું એકે નથી. આવડા મોટા બ્રિટિશ સામ્રાજ્યના મુખ્ય પ્રધાનના પગાર કરતાં પણ હિંદુસ્તાનના ગવર્નરો અને વાઇસરોયના પગાર મોટા છે. પરંતુ નોકરશાહીના મોટા પગારો તથા આપણા દેશને હિતકર ન હોય તેવાં લશ્કરનાં અને બીજાં ખર્ચો ઘટાડવાની સત્તા હિંદી પ્રજા પાસે નથી. આ સ્થિતિમાં હિંદી પ્રજા સરકારને શા માટે કર ભરે એજ પ્રશ્ન છે, ત્યાં પછી વધારાની તો વાતજ ક્યાં ? મોંઘવારી વધી છે તેથી સરકારી ખર્ચ વધ્યાં છે અને તેથી મહેસૂલના દર વધારી તે ખર્ચ અમારે પૂરાં કરવાં જોઇએ એવી સરકારની દલીલ કેવળ પોકળ છે. આમ રાજદ્વારી દ્રષ્ટિએ પણ જમીન મહેસૂલના આવા વધારા સામે આપણે સખ્ત લડત ઉપાડવી ઘટે છે.

આવી વસ્તુસ્થિતિને સરકારી અમલદારનો રિપોર્ટ કેટલી ખોટી રીતે રજુ કરે છે તે ઉપરના વિવેચન ઉપરથી સમજાયું હશે. મહેસૂલના વધારાના જાહેરનામા ગામેગામ નીકળી ગયાં

છે. અને લોકો એ મહેસૂલના વધારા સામે પોતાના વાંધા કે તકરારો દર્શાવવી હોય તો જાહેરનામાં પ્રસિદ્ધ થયાની તારીખથી એ મહિનાની અંદર તે દર્શાવવી જોઇએ. આ બાબતમાં આપણને મદદ કરવા માટે રા. સા. દાદુભાઇ પરષોત્તમદાસ તા. ૧૮મીએ આપણા તાલુકામાં આવે છે. તેઓ ૧૮-૧૯-૨૦ આ તાલુકામાં ફરવાના છે. મહેસૂલના પ્રશ્નનો એઓ સાહેબે ઉંડો અભ્યાસ કર્યો છે. અને તેમના જેવા આ વિષયના નિષ્ણાત પુરૂષની મદદ તાલુકાને ઘણી ઉપયોગી થઇ પડશે. તાલુકાના લોકોએ વધારાની સામે જે વાંધા દર્શાવવા જોઇએ તેનો ખરડો તેઓ સાથે મસલત કરીને તૈયાર થવાનો છે એટલે એ બાબતમાં પણ રૈયતને સારીજ સલાહ મળશે. એ મહિનાની મુદતની અંદર પ્રજા તરફથી વાંધા દર્શાવવાનું કામ ખતમ કર્યા પછી પ્રજાપક્ષના ધારાસભાના સભ્યો એ પ્રશ્ન હાથમાં લેશે. તેઓ ખેડુતોને માટે પોતાથી બનતું કરશે એવી આપણે આશા રાખીએ. પરંતુ વાંધા દર્શાવવાથી આપણું કંઈ વળી જશે અથવા ધારાસભામાં પ્રજા પક્ષના સભ્યો આપણે માટે લડત લડશે તેથી આપણું કલ્યાણ થઈ જશે એમ માની આપણે નિશ્ચિંત રહીએ તો આપણા જેવા મૂરખ કોઇ ન ગણાય. અરજીઓ કર્યે આ સરકાર કોઇ દિવસ સમજી હોય કે તેણે કશું આપી દીધું હોય એવો અત્યાર સુધી આપણો અનુભવ નથી. આવી બાબતોમાં તો સરકારની નીતિ એવી હોય છે કે પહેલેથી પ્રજાના ઉહાપોહ માટે પણ તે ગાળોજ રાખે છે. રિપોર્ટમાં ૨૫ ટકાનો વધારો સૂચવ્યો છે તે એટલો બધો છે કે રૈયતની અરજીને અમે માન આપીએ છીએ એવું બતાવી રૈયતને રાજી કરવા ૮-૧૦ ટકાની છૂટ તે સહેજે મૂકે; પણ તેથી આપણે

ભરમાવાની જરૂર નથી. વધારેલા દર પ્રમાણે મહેસૂલ ભરવાનું ૧૯૨૭-૨૮માં આવશે ત્યાં સુધીમાં ન્યાય નહિ મળ્યો હોય તો આવા પ્રસંગે ગાંધીજીનો દર્શાવેલો ઉપાય આપણી પાસે પડેલોજ છે. પરંતુ એ ઉપાય અખત્યાર કરવા માટે તાલુકાની પ્રજામાં તાકાત જોઇએ. પ્રજામાં સંપ જોઇએ, પ્રજામાં દૃઢતા જોઇએ. પ્રજામાંથી મોટી સંખ્યાના માણસોમાં તો સાર્વજનિક હિતની ખાતર ખુવાર થવાની પણ તૈયારી જોઇએ. થોડાક માણસોના ભોગથીજ સાર્વજનિક હિત સધાય છે એવો દુનિયાનો ક્રમ છે. પ્રજાહિતની આ લડતનો સમય આવ્યે બરાબર લડવાનું ઇશ્વર આપણને બળ આપો. સાથે સાથે એમ પણ આપણે ઇચ્છીએ કે સરકાર સારી સમજ વાપરે અને એવો વખત આવવા ન પામે.

સ્વરાજ આશ્રમ	લિ. સેવકો
બારડોલી	નરહરિ દ્વારકાદાસ પરીખ
તા-૧૫-૨-૨૬	કુંવરજી વિઠ્ઠલભાઇ મહેતા
	ખુશાલભાઈ મોરારભાઇ પટેલ

મુદ્રકઃ—
ભાઇલાલ ઝવેરભાઈ પટેલ
"નવયુગ" મુદ્રણાલય,—સુરત.